॥ શ્રી સરસ્વતી દેવી મહાપૂજન તથા હવનવિધિ ॥

૧) પૂજનના આગળના દિવસે માંડલું બનાવવું...

૨) પૂજનની તમામ સામગ્રી જોઈ લેવી અને ખુટતી વસ્તુ મંગાવી લેવી...

૩) માંડલું બનાવવાની જગ્યા સાફ કરાવી ગૌમુત્ર – ગુલાબજળ તથા સુવર્ણજળથી શુદ્ધ કરવી...

૪) ૧ વાટકો કેસર તથા ૩ વાટકી બરાસ પહેલેથી ઘસાવવું...

૫) ઘરે બનાવવાનું નૈવેદ્ય તથા બાકુળા તૈયાર રાખવા...

૬) માંડલાની બંને બાજુ પાટલા ગોઠવી, માંડલામાં પધરાવવાનાં દ્રવ્ય અલગ અલગ થાળીમાં વલયાનુસાર તૈયારી કરી, પાટલા પર મુકવા...

૭) સિંહાસનસામેમોટોપાટમુકી લાલકપડુંપાથરી ફળ, નૈવેદ્ય આદિ અન્ય સામગ્રી વ્યવસ્થિત ગોઠવવી...

૮) માંડલાની સામે યંત્ર માટે ચોરસ બાજોઠ મુકવો...

૯) બાજોઠ પર નાળચાવાળો થાળ મુકી કેસરથી સાથિયો કરી, સવારુપિયો, ચોખા, સોપારી, બદામ મુકી યંત્ર પધરાવવું...

૧૦) યંત્રની પહેલેથી શુદ્ધિ કરાવવી, યંત્ર ન મળે તો યંત્રનો ફોટો લેમિનેશન કરાવીને મુકવો...

૧૧) યંત્ર પાસે પૂજાની સામગ્રી તૈયાર રાખવી. દા.ત. કેસર, બરાસ, મોટી થાળી ભરીને કુસુમાંજલિ, નાડાછડી બાંધેલા કળશો, પૂજાની થાળી, વાટકી, પુષ્પો, અડધી બાલ્ટી પંચામૃત, એક બાલ્ટી શુદ્ધ પાણી, અંગલૂંછણાં, પાટલૂંછણા, નેપકીન, ધૂપ, દીપક, માચીસ, કુંડી વગેરે...

૧૨) યંત્ર સામે ૩-૪ કટાસણા પાથરવા...

૧૩) સિંહાસન અને યંત્ર પાસે ધૂપ-દીપક અખંડ રીતે ચાલુ રાખવા...

૧૪) વિધિકારકે જ્યાં બેસવાનું હોય ત્યાં ૧ થાળીમાં રક્ષાપોટલી, મીંઢળ, વાસક્ષેપ તથા થાળી-ડંકો તૈયાર રાખવો...

૧૫) ભૂમિશુદ્ધિ માટે એક કળશમાં સુગંધિત સુવર્ણજળ તથા પુષ્પ અને એક વાટકીમાં કેસર તથા પુષ્પ તૈયાર રાખવું.

૧૬) શાંતિકળશની સંપૂર્ણ તૈયારી કરવી. દા.ત. અષ્ટમંગળનો ઘડો, સોપારી, બદામ, સવા રુપિયો, ચોખા, કળશો, નાડાછડી, નાગરવેલના ચારપાન, શ્રીફળ, લીલુંકપડું, વરખ, કેસર, બાદલું, પુષ્પમાળા વગેરે...

૧૭) ૨૭ દીપક તૈયાર રાખવા...

૧૮) પ્રદેરી પાસે તેમાં પધરાવવાના દ્રવ્યની થાળી મુકવી...

૧૯) ૧૦૮ દીપકની આરતી તથા મંગલ દીપક અને કપૂર તૈયાર રાખવું...

૨૦) પૂજન ચાલુ કરતા પહેલાં દશાંગધૂપ-કંદ્રૂપ ધૂપથી વાતાવરણની શુદ્ધિ કરવી...

૨૧) બે થાળીમાં કોરા ચોખા વધાવવા માટે રાખવા...

૨૨) પૂજનાર્થીના હાથમાં મીંઢણ અથવા નાડાછડી બંધાવવી...

૨૩) પરમાત્માની દૃષ્ટિ ન પડે ત્યાં તિલકની બાદલા સાથે વ્યવસ્થા કરવી.

૨૪) પૂજનાર્થીને મુગટ-માળા ધારણ કરાવવા...

૨૫) દરેક પૂજનાર્થીને હાથ ધોઈ ધૂપી પછી જ પૂજન કરાવવું...

૨૬) શક્ય હોય ત્યાં સુધી દેરાસર અથવા પૂજનનું સ્થળ સજાવવું અને આસોપાલવનું તોરણ બંધાવવું.

Note:

૧) પૂજનની સમાપ્તિ સુધી ધૂપ-દીપક અખંડ પણે ચાલુ રહે તેનું ધ્યાન રાખવું.

૨) સિંહાસન, માંડલું અને યંત્ર વચ્ચેથી આડ ન પડે તેનું ધ્યાન રાખવું.

૩) માંડલામાં પૂજન માટે પુરુષને પરમાત્માની જમણી બાજુ અને સ્ત્રીને ડાબી બાજૂ ઉભા રાખવા.

૪) કાળા વસ્ત્રો પહેરીને કોઈપણને પ્રવેશ કરવા દેવો નહીં.

૫) પૂજનની સર્વ સામગ્રી પર ધૂપ કરવો...

૬) મજબૂત સંકલ્પ કરવા પૂર્વક પૂજનનો પ્રારંભ કરવો.

॥ શ્રી સરસ્વતી દેવી મહાપૂજન પૂર્વવિધિ ॥

(સૌ પ્રથમ પં. વીર વિજયજી મ.સા. કૃત સ્નાત્રપૂજા વિધિવત્ ભણાવવી.)

- ક્ષેત્રના અધિષ્ઠાયક દેવ-દેવીને શ્રીફળ, અર્પણ કરી મહાપૂજનની નિર્વિઘ્ન સમાપ્તિ માટે વિનંતી કરવી.
- નીચે લખેલો મંત્ર બોલી સર્વ સામગ્રી ઉપર વાસક્ષેપ કરવો.

૧) પંચામૃત એવં પાણી ઉપર વાસક્ષેપ કરવાનો મંત્રઃ

ॐ आपोऽप्काया એકેન્દ્રિયા-જીવાઃ નિર્વધ્ય દેવી પૂજાયાં નિર્વ્યર્થાઃ સન્તુ નિષ્પાપાઃ સન્તુ સદ્ગતયઃ સન્તુ ન મે સંઘટ્ટન હિંસા દેવ્યર્ચને સ્વાહા ॥

૨) ધૂપ તથા દીપક ઉપર વાસક્ષેપ કરવાનો મંત્ર :

ॐ અગ્નયોऽગ્નિકાયા એકેડન્દ્રિયા-જીવાઃ નિર્વધ્ય દેવી પૂજાયાં નિર્વ્યર્થાઃ સન્તુ નિષ્પાપાઃ સન્તુ સદ્ગતયઃ સન્તુ ન મે સંઘટ્ટન હિંસા દેવ્યર્ચને સ્વાહા ॥

૩) શેષ તમામ સામગ્રી તથા માંડલા ઉપર વાસક્ષેપ કરવાનો મંત્ર...

ૐ વનસ્પતયો વનસ્પતિકાયા એકેન્દ્રિયા–જીવાઃ નિર્વધ્ય દેવી પૂજાયાં નિર્વ્યર્થાઃ સન્તુ નિષ્પાપાઃ સન્તુ સદ્‌ગતયઃ સન્તુ ન મે સંઘટ્ટન હિંસા દેવ્યર્ચને સ્વાહા ।।

"ૐ ભૂર્ભુવઃ સ્વધાય સ્વાહા" (આ મંત્ર સાત વાર બોલી વાસક્ષેપથી અભિમંત્રિત ચોખા, પૂજન ભૂમિ પર પ્રક્ષેપ કરી ભૂમિ શુદ્ધિ કરવી.)

।। અથ શ્રી સરસ્વતી દેવી મહાપૂજન વિધિ ।।

–: મંગલાચરણ :–

અર્હન્તો ભગવન્ત ઇન્દ્રમહિતાઃ, સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતા,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ ।
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકાઃ,
પઞ્ચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મઙ્ગલમ્ ।।૧।।

કુંદિન્દુ ગોક્ષીર તુસારવન્ના, સરોજહત્થા કમલે નિસન્ના,
વાએસિરિ પુત્થય વગ્ગહત્થા, સુહાય સા અમ્હ સયા પસત્થા ।।૨।।

યા દેવી સર્વભૂતેષુ, વિદ્યારુપેણ સંસ્થિતા।
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ ।।૩।।

।। શ્રી સરસ્વતી સ્તોત્ર ।।

સરસ્વત્યાઃ પ્રસાદેન, કાવ્યં કુર્વન્તુ માનવાઃ।
તસ્યાન્નિશ્ચલ ભાવેન, પૂજનીયા સરસ્વતી ।।૧।।
શ્રી સર્વજ્ઞમુખોત્પન્ના, ભારતી બહુભાષિણી।
અજ્ઞાનતિમિરં હન્તિ, વિદ્યા બહુવિકાસિની ।।૨।।
સરસ્વતી મયા દૃષ્ટા દિવ્યા કમલ લોચના।
હંસસ્કન્ધ સમારુઢા, વીણા પુસ્તક ધારિણી ।।૩।।
પ્રથમં ભારતી નામ, દ્વિતીયં ચ સરસ્વતી ।
તૃતીયં શારદા દેવી, ચતુર્થં હંસગામિની ।।૪।।
પઞ્ચમં વિદુષાં માતા, ષષ્ઠં વાગીશ્વરી તથા ।
કુમારી સપ્તમં પ્રોક્તં, અષ્ટમં બ્રહ્મચારિણી ।।૫।।

નવમં ચ જગન્માતા, દશમં બ્રાહ્મિણી તથા।
એકાદશં તુ બ્રહ્માણી, દ્વાદશં વરદા ભવેત્ ।।૬।।
વાણી ત્રયોદશં નામ, ભાષા ચૈવ ચતુર્દશમ્ ।
પઞ્ચદશં શ્રુતદેવી, ષોડશં ગૌર્નિગદ્યતે ।।૭।।
એતાનિ શ્રુતનામાનિ, પ્રાતરુત્થાય યઃ પઠેત્ ।
તસ્ય સંતુષ્યતિ માતા, શારદા વરદા ભવેત્ ।।૮।।
સરસ્વતી નમસ્તુભ્યં, વરદે કામરુપિણી।
વિદ્યારમ્ભં કરિષ્યામિ, સિદ્ધિર્ભવતુ મે સદા ।।૯।।

।। અથ ભૂમિશુદ્ધિ વિધાનમ્ ।।

(૧) પૂજન ભૂમિની આસપાસમાં રહેલા વાયુ મંડળને શુદ્ધ કરવા માટે દેવલોકમાંથી વાયુકુમાર દેવને નિમંત્રણ...

મંત્રઃ– ૐ હ્રીઁ વાતકુમારાય, વિઘ્નવિનાશકાય, મહીં પૂતાં કુરુ કુરુ સ્વાહા ।।

(આ મંત્ર બોલી દર્ભના ઘાસથી અથવા ખેસથી પ્રમાર્જના કરતા કરતા એક પ્રદક્ષિણા આપવી.)

(૨) ભૂમિ પર સુગંધિત સુવર્ણ જળની વૃષ્ટિ કરવા માટે દેવલોકમાંથી મેઘકુમાર દેવને નિમંત્રણ...

મંત્રઃ– ૐ હ્રીઁ મેઘકુમારાય, ધરાં પ્રક્ષાલય, પ્રક્ષાલય હૂઁ ફુટ્ સ્વાહા ।।

(આ મંત્ર બોલી પુષ્પ અથવા દર્ભના ઘાસને પાણીમાં બોળી પાણી છાંટતા છાંટતા એક પ્રદક્ષિણા આપવી.)

(૩) પૂજનભૂમિની વિશેષ શુદ્ધિ હેતુ ભૂતધાત્રી દેવીને નિમંત્રણ...

મંત્રઃ– ૐ ભૂરસિ ! ભૂતધાત્રિ ! સર્વભૂતહિતે ! ભૂમિશુદ્ધિં કુરુ કુરુ સ્વાહા ।।

(આ મંત્ર બોલી ભૂમિ ઉપર ચંદનના છાંટણાં કરતા કરતા પ્રદક્ષિણા આપવી.)

(૪) દિગ્ બંધન – (દુષ્ટ દેવી દેવતાઓના પ્રવેશ નિષેધ માટે નીચેના મંત્ર બોલી પાંચ દિશામાં પાણી છાંટવું.)

દિશાઃ–	પૂર્વ	દક્ષિણ	પશ્ચિમ	ઉત્તર	ઉર્ધ્વ
મંત્રઃ–	ક્ષાઁ	ક્ષીઁ	ક્ષૂઁ	ક્ષૌઁ	ક્ષઃ

(૫) મનશુદ્ધિ – (બન્ને હાથ જોડી મન પવિત્ર અને નિર્મળ થઈ રહ્યું છે એવી ભાવના ભાવવી.)

મંત્રઃ– ૐ અરજે વિરજે અશુદ્ધ વિશોધિનિ માં શોધય શોધય સ્વાહા ।

(૬) **ભાવસ્નાન** – (અંજલી મુદ્રા કરી બંને હાથમાં વિવિધ મહાન તીર્થો અને પવિત્ર નદીઓનું પાણી છે. તથા તેના દ્વારા હું સ્નાન કરી રહ્યો છું. એવી કલ્પના કરવી.)

મંત્રઃ– ૐ નમો વિમલ નિર્મલાય સર્વતીર્થજલાય

પાઁ પાઁ વાઁ વાઁ ક્ષ્વીઁ ક્ષ્વીઁ અશુચિઃ શુચિર્ભવામિ સ્વાહા ।।

(આ મંત્ર બોલી શરીર પર ભાવથી સ્નાન કરવું...)

(૭) **અમૃતાભિષેક** – (નિમ્નોક્ત મંત્ર બોલતા મારા પર અમૃતની વર્ષા થઈ રહી છે અને મારો આત્મા પવિત્ર, નિર્મલ થઈ રહ્યો છે એવી કલ્પના કરવી.)

મંત્રઃ– ૐ અમૃતે ! અમૃતોદ્ભવે ! અમૃતવર્ષિણિ ! અમૃતં શ્રાવય શ્રાવય સ્વાહા ।।

(૮) **કલ્મષદહન** – (વિષય કષાયના કચરાને ભસ્મીભૂત કરવાની ભાવના સાથે મંત્ર બોલવા પૂર્વક બંને ભૂજાઓને સ્પર્શ કરવો.)

મંત્રઃ– ૐ વિદ્યુત્સ્ફુલિઙ્ગે મહાવિદ્યે સર્વકલ્મષં દહ દહ સ્વાહા ।।

(૯) **હૃદય શુદ્ધિ** – (રાગ-દ્વેષથી રહિત બનવાની ભાવના પૂર્વક હૃદય પર બન્ને હાથ રાખવા.)

મંત્રઃ– ॐ विमलाय विमलचित्ताय ॐ क्ष्वीँ क्ष्वीँ स्वाहा ॥

(૧૦) **અંગુલીન્યાસ** – (આંગળીઓને દેવાધિષ્ઠિત કરવા માટે પહેલા મંત્ર બીજથી તર્જની દ્વારા અંગુઠાને અને બાકીના મંત્ર બીજો દ્વારા અંગુઠાથી ચારેય આંગળીઓને સ્પર્શ કરવો.)

આંગળીઃ–	અંગુઠો	તર્જની	મધ્યમા	અનામિકા	કનિષ્ઠા
મંત્રઃ–	ह्रां	ह्रीं	ह्रूं	ह्रौं	ह्रः।

(૧૧) **પંચાગન્યાસઃ**– (આરોહ-અવરોહપૂર્વક (૧) ઢીંચણ (૨) નાભિ (૩) હૃદય (૪) મુખ અને (૫) શિખા એમ પાંચે અંગો પર હાથનો સ્પર્શ કરવા પૂર્વક મંત્ર બીજોની સ્થાપના કરવી.)

ક્રમઃ	૧	૨	૩	૪	૫
આરોહઃ	क्षि	प	ॐ	स्वा	हा,
ક્રમઃ	૫	૪	૩	૨	૧
આરોહઃ	हा	स्वा	ॐ	प	क्षि

(આ વિધાન ત્રણ વખત કરવું.)

॥ શ્રી વજ્રપઞ્જરસ્તોત્રમ્ ॥

(સાંસારિક વિપત્તિઓ દૂર કરનારી, આધ્યાત્મિક સંપત્તિ આપનારી તથા સાત ભયોનું નિવારણ કરી અભય બનાવનારી, મહાન ચમત્કારી અનુષ્ઠાન સ્વરુપ આત્મરક્ષા વિવિધ મુદ્રાઓ સાથે કરતા કરતા આપણી આસપાસ વજ્રમય કિલ્લો બની રહ્યો છે, એવી કલ્પના કરવી.)

॥ શ્રી વજ્રપંજર સ્તોત્ર વિધાન ॥

(રાગઃ તુમ દિલકી ધકડન મે)

ॐ પરમેષ્ઠિનમસ્કારં, સારં નવપદાત્મકમ્ । આત્મરક્ષાકરં વજ્ર-પઞ્જરાભં સ્મરામ્યહમ્ ॥૧॥

ॐ નમો અરિહંતાણં, શિરસ્કં શિરસિ સ્થિતમ્ । ॐ નમો સવ્વસિદ્ધાણં, મુખે મુખપટં વરમ્ ॥૨॥

ॐ નમો આયરિયાણં, અઙ્ગરક્ષાડતિશાયિની । ॐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયોર્દૃઢમ્ ॥૩॥

ॐ નમો લોએ સવ્વસાહૂણં, મોચકે પાદયોઃ શુભે । એસો પઞ્ચનમુક્કારો, શિલા વજ્રમયી તલે ॥૪॥

સવ્વપાવપ્પણાસણો, વપ્રો વજ્રમયો બહિઃ । મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાઙ્ગારખાતિકા ॥૫॥

સ્વાહાન્તં ચ પદં જ્ઞેયં, પઢમં હવઈ મઙ્ગલં । વપ્રોપરિ વજ્રમયં, પિધાનં દેહરક્ષણે ॥૬॥

મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવનાશિની । પરમેષ્ઠિપદોદ્ભૂતા, કથિતા પૂર્વસૂરિભિઃ ॥૭॥

યશ્ચૈવં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા । તસ્ય ન સ્યાદ્ ભયં વ્યાધિ-રાધિશ્ચાપિ કદાચન ॥૮॥

(ઉપરોક્ત સ્તોત્ર જે પૂન્યાત્મા હંમેશા આદર સહિત બોલે છે, તે આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુક્ત થાય છે.)

॥ અથ ક્ષેત્રપાલ પૂજનમ્ ॥

(જે ભૂમિ ઉપર પૂજન કરવાનું હોય ત્યાંના અધિષ્ઠાયક દેવની અનુજ્ઞા પ્રાપ્ત કરવાના ભાવ સાથે ક્ષેત્રપાલ પૂજન કરવું.)

મંત્રઃ– ૐ ક્ષાઁ ક્ષીઁ ક્ષૂઁ ક્ષૈઁ ક્ષૌઁ ક્ષઃ શ્રી અત્રસ્થક્ષેત્રપાલાય સ્વાહા ॥

(યંત્ર ઉપર જળ, ચંદન તથા પુષ્પ પૂજા તથા માંડલામાં લીલું શ્રીફળ, ચમેલીનું તેલ, જાસુદનું પુષ્પ તથા સવા રુપિયો અર્પણ કરવો.)

॥ રક્ષાપોટલી મંત્રિત વિધાન ॥

મંત્રઃ– ૐ હૂઁ ક્ષુઁ કુટ્ કીરિટિ કીરિટિ ઘાતય ઘાતય, પરકૃત–વિઘ્નાન્ સ્ફેટય સ્ફેટય, સહસ્ત્રખણ્ડાન્ કુરુ કુરુ, પરમુદ્રાં છિન્દ છિન્દ, પરમન્ત્રાન્ ભિન્દ ભિન્દ હૂઁ ક્ષઃ કુટ્ સ્વાહા ॥

(આ મંત્ર સાત વાર બોલી રક્ષાપોટલી ગુરુભગવંતે અથવા વિધિકારકે અભિમંત્રિત કરવી.)



।। રક્ષાપોટલી બાંધવાનો મંત્ર ।।

મંત્રઃ– નમોઽર્હતે રક્ષ રક્ષ હૂઁ ફુટ્ સ્વાહા ।।

(આ મંત્ર બોલી દરેક પૂજનાર્થીઓએ શુભ સંકલ્પ કરી રક્ષાપોટલી બાંધવી.)

।। વેદિકા સ્થાપના ।।

મંત્રઃ– ૐ હ્રીઁ અર્હં શ્રી સરસ્વતીદેવિ !

અત્ર મેરુનિશ્ચલે વેદિકાપીઠે તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ સ્વાહા ।।

(આ મંત્ર બોલી બાજોઠ સ્થાપના કરવી.)

।। પ્રતિમા સ્થાપના ।।

મંત્રઃ– ૐ હ્રીઁ શ્રીઁ શ્રી સરસ્વત્યૈ નમઃ ।।

(આ મંત્ર બોલી માતાજીની પ્રતિમાને સ્પર્શ કરવો.)

॥ યંત્ર સ્થાપના ॥

મંત્રઃ– ૐ હ્રીઁ શ્રી સરસ્વતીમહાયન્ત્રાય નમઃ ॥

(આ મંત્ર બોલી શ્રી સરસ્વતી મહાયંત્રને સ્પર્શ કરવો.)

॥ અથ આહ્વાનાદિ વિધાનમ્ ॥

આહ્વાન મુદ્રા : ૐ હ્રીઁશ્રીઁ દ્વાદશાઙ્ગ્યઅધિષ્ઠાત્રિ ! ભગવતિ સરસ્વતિ ! મહાદેવિ !
અત્ર આગચ્છ આગચ્છ સંવૌષટ્ । નમઃ શ્રી સરસ્વતી દેવ્યૈ સ્વાહા ॥

સ્થાપન મુદ્રા : ૐ હ્રીઁશ્રીઁ દ્વાદશાઙ્ગ્યઅધિષ્ઠાત્રિ ! ભગવતિ સરસ્વતિ ! મહાદેવિ !
અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ । નમઃ શ્રી સરસ્વતી દેવ્યૈ સ્વાહા ॥

સન્નિધાન મુદ્રા : ૐ હ્રીઁશ્રીઁ દ્વાદશાઙ્ગ્યઅધિષ્ઠાત્રિ ! ભગવતિ સરસ્વતિ ! મહાદેવિ !
મમ સન્નિહિતા ભવ ભવ વષટ્ । નમઃ શ્રી સરસ્વતી દેવ્યૈ સ્વાહા ॥

સન્નિરોધ મુદ્રા : ૐ હ્રીઁશ્રીઁ દ્વાદશાઙ્ગ્યઅધિષ્ઠાત્રિ ! ભગવતિ સરસ્વતિ ! મહાદેવિ !
પૂજાવિધિં યાવદ્ અત્રૈવ સ્થાતવ્યમ્ । નમઃ શ્રી સરસ્વતી દેવ્યૈ સ્વાહા ॥

અવગુંઠન મુદ્રા : ૐ હ્રીં શ્રીં દ્વાદશાઙ્ગ્યઅધિષ્ઠાત્રિ ! ભગવતિ સરસ્વતિ ! મહાદેવિ !
પરેષામદીક્ષિતાનામદશ્યા ભવ ભવ ફટ્ । નમઃ શ્રી સરસ્વતી દેવ્યૈ સ્વાહા ।।

અંજલિ મુદ્રા : ૐ હ્રીં શ્રીં દ્વાદશાઙ્ગ્યઅધિષ્ઠાત્રિ ! ભગવતિ સરસ્વતિ ! મહાદેવિ !
ઈમાં પૂજાં પ્રતીચ્છ પ્રતીચ્છ । નમઃ શ્રી સરસ્વતી દેવ્યૈ સ્વાહા ।।

(ત્યારબાદ જો પરમાત્માની પ્રતિમા સ્થાપિત કરી હોય તો પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કરવી. ત્યારબાદ માતાજીની અષ્ટપ્રકારી પૂજા કરવી.)

।। અથ શ્રી સરસ્વતી દેવી અષ્ટપ્રકારી પૂજા ।।

।। શ્રી સરસ્વતી માતાની સ્તુતિ ।।

(રાગ : સ્નાતસ્યા)

જેના નામ સ્મરણથી અબુધના, કષ્ટો બધા નાસતા,
જેના જાપ કરણથી વિબુધના, કાર્યો સદા સિદ્ધતા,
જેના ધ્યાન થકી મળે ભવિકને, પૂણ્યોઘની સંપદા,
ભાવે તે શ્રુત શારદા ચરણમાં, હોજો સદા વંદના ।।૧।।

જે વિલસે સચરાચર જગતમાં, હંસાધિરુઢા બની,
શોભે પુસ્તક પંકજે ગ્રહી થકી, મૌક્તિક-માળા વળી,
વિદ્યા વાણી પ્રમોદ ને યશ દઈ કામિતને પૂરતી,
ભાવે તે શ્રુત શારદા ચરણમાં, હોજો સદા વંદના ।।૨।।
તીર્થંકર મુખ સેવતી ભગવતી, વિખ્યાત જે લોકમાં
ભાંજે સંશય લોકના તિમિરને, જૈનેશ્વરી જોડના,
પૂજે દાનવ-માનવો લળી-લળી, પાપો તૂટે થોકમાં,
ભાવે તે શ્રુત શારદા ચરણમાં, હોજો સદા વંદના ।।૩।।

।। પ્રાર્થના ।।

(રાગ : સ્નાતસ્યા)

યા કુન્દેન્દુ-તુષારહારધવલા, યા શુભ્રવસ્ત્રાવૃતા,
યા વીણાવરદણ્ડ-મણ્ડિતકરા, યા શ્વેતપદ્માસના ।
યા બ્રહ્માચ્યુતશઙ્કર-પ્રભૃતિભિઃ, દેવૈઃ સદા વન્દિતા,
સા માં પાતુ સરસ્વતી ભગવતી, નિઃશેષજાડ્યાપહા ।।૪।।

તારા ત્વં સુગતાગમે ભગવતી, ગૌરીતિ શૈવાગમે,
વજ્રા કૌલિક શાસને જિનમતે, પદ્માવતી વિશ્રુતા ।
ગાયત્રી શ્રુતિશાલિનાં પ્રકૃતિરિત્યુક્તાસિ સાંખ્યાગમે,
માતર્ભારતિ! કિં પ્રભૂતભણિતૈર્વ્યાપ્તં સમસ્તં ત્વયા ।।૫।।
યા દેવી ત્રિપુરા પુરત્રયગતા, શીઘ્રાઽઽતિ શીઘ્રપદા,
યા દેવી સમયા સમસ્ત ભવને, સંગીયતે કામદા।
તારા માનવિમર્દિની ભગવતી, દેવી ચ પદ્માવતી,
તાસ્તાઃ સર્વગતાસ્ત્વમેવનિયતં, માયેતિ તુભ્યં નમઃ ।।
(ત્યારબાદ સરસ્વતી માતાની પંચામૃત વડે જળ પૂજા કરવી...)

૧. જલપૂજા – (રાગઃ ભક્તામર)

ચન્દ્રાર્ક્કકોટિ ઘટિતોજ્જ્વલદિવ્યમૂર્તે, શ્રી ચન્દ્રિકા કલિત નિર્મલ શુભ્રવસ્ત્રે।
કામાર્થદાયિકલહંસસમાધિરુઢે, વાગીશ્વરિ ! પ્રતિદિનં મમ રક્ષ દેવિ ! ।।૧।।

મંત્ર : ૐ હ્રીં શ્રીં પરમપૂજ્યાયૈ, ભગવત્યૈ, કેવલજ્ઞાનસ્વરૂપાયૈ, લોકાલોક-પ્રકાશિકાયૈ, દ્વાદશાઙ્ગ્ય-ધિષ્ઠાયિકાયૈ મનોકામિતપૂરણાયૈ, વિદ્યા-વાણી-યશઃ કર્ત્ર્યૈ, વીણા-પુસ્તકમૌક્તિકાક્ષ-વલયશ્વેતાબ્જ-મણ્ડિતકરાયૈ શશધરનિકર-ગૌરિહંસવાહનાયૈ શ્રી (૧) ધિષણાયૈ (૨) ધીયૈ (૩) મત્યૈ (૪) મેધાયૈ (૫) વાચે (૬) વિભાવાયૈ (૭) સરસ્વત્યૈ (૮) ગિરે (૯) વાણ્યૈ (૧૦) ભારત્યૈ (૧૧) ભાષાયૈ (૧૨) બ્રાહ્મણ્યૈ શ્રી સરસ્વત્યૈ જલં સમર્પયામિ-સ્વાહા ।

(રાગઃ ટહુકા કરતો જાય મોરલો)

લઘુમંત્રઃ- ૐ હ્રીં શ્રીં સરસ્વત્યૈ જલં સમર્પયામિ સ્વાહા ।

(આ મંત્ર દ્વારા ૧-૨૭ કે ૧૦૮ વાર જળ પૂજા કરવી)

૨. ગંધપૂજા – નમોઽર્હત્ ... (રાગઃ ભક્તામર)

દેવાસુરેન્દ્ર નતમૌલિમણિ પ્રરોચી, શ્રી મંજરી નિબિડ રંજિત પાદપદ્મે।
નીલાલકે પ્રમદહસ્તિ સમાનયાને, વાગીશ્વરિ ! પ્રતિદિનં મમ રક્ષ દેવિ ।।૨।।

મંત્રઃ– ૐ હ્રીં શ્રીં પરમપૂજ્યાયૈ, ભગવત્યૈ, કેવલજ્ઞાનસ્વરુપાયૈ, લોકાલોક પ્રકાશિકાયૈ, દ્વાદશાઙ્ગ્ય–ધિષ્ઠાયિકાયૈ મનોકામિતપૂરણાયૈ, વિદ્યા–વાણી–યશઃ કર્ત્ર્યૈ, વીણા–પુસ્તકમૌક્તિકાક્ષ–વલયશ્વેતાબ્જ–મણ્ડિતકરાયૈ શશધર–નિકરગૌરિહંસવાહનાયૈ શ્રી (૧૩) માગધીપ્રિયાયૈ (૧૪) સર્વેશ્વર્યૈ (૧૫) મહાગોર્યૈ (૧૬) શાઙ્ક્ર્યૈ (૧૭) ભક્તવત્સલાયૈ (૧૮)રૌદ્રયૈ (૧૯) ચાણ્ડાલિન્યૈ (૨૦) ચંડ્યૈ (૨૧) ભૈરવ્યૈ (૨૨) વૈષ્ણવ્યૈ (૨૩) જયાયૈ (૨૪) ગાયત્ર્યૈ શ્રી સરસ્વત્યૈ ગંધં સમર્પયામિ–સ્વાહા ।

(રાગઃ તુમ દિલ કી ધડકન મે)

લઘુમંત્રઃ- ૐ હ્રીં શ્રીં સરસ્વત્યૈ ગન્ધં સમર્પયામિ સ્વાહા ।

(આ મંત્ર દ્વારા ૧-૨૭ કે ૧૦૮ વાર વાસક્ષેપ પૂજા કરવી.)

૩. પુષ્પપૂજા - નમોઽર્હત્ ... (રાગઃ ભક્તામર)

કેયૂરહાર-મણિકુણ્ડલ-મુદ્રિકાદ્યૈઃ સર્વાંગભૂષણ નરેન્દ્રમુનીન્દ્ર વંદ્યે।
નાનાસુરત્ન-વર-નિર્મલ-મૌલિયુક્તે, વાગીશ્વરિ ! પ્રતિદિનં મમ રક્ષ દેવિ ।।૩।।

મંત્રઃ- ૐ હ્રીં શ્રીં પરમપૂજ્યાયૈ, ભગવત્યૈ, કેવલજ્ઞાનસ્વરુપાયૈ, લોકાલોક પ્રકાશિકાયૈ, દ્વાદશાઙ્ગ્ય-ધિષ્ઠાયિકાયૈ મનોકામિતપૂરણાયૈ, વિદ્યા-વાણી-યશઃ કર્ત્ર્યૈ, વીણા-પુસ્તકમૌક્તિકાક્ષ-વલયશ્વેતાબ્જ-મણ્ડિતકરાયૈ શશધર-નિકરગૌરિહંસવાહનાયૈ શ્રી (૨૫) ચકુર્બાહ્યૈ (૨૬) કૌમાર્યૈ (૨૭) પરમેશ્વર્યૈ (૨૮) દેવમાત્રે (૨૯) અક્ષયાયૈ (૩૦) નિત્યાયૈ (૩૨) ત્રિપુરભૈરવ્યૈ (૩૨) ત્રૈલોક્ય-

સ્વામીન્યૈ (૩૩) દેવ્યૈ (૩૪) માડકાયૈ (૩૫) કારત્રયસૂત્રિણયૈ (૩૬) શુભિન્યૈ શ્રી સરસ્વત્યૈ પુષ્પં સમર્પયામિ–સ્વાહા ।

(રાગઃ કેસરીયો રંગ તને – ગરબા)

લઘુમંત્રઃ– ૐ હ્રીં શ્રીં સરસ્વત્યૈ પુષ્પં સમર્પયામિ સ્વાહા ।

(આ મંત્ર દ્વારા ૧–૨૭ કે ૧૦૮ વાર પુષ્પ પૂજા કરવી.)

૪. ધૂપપૂજા – નમોઽર્હત્ ... (રાગઃ ભક્તામર)

મંજીરકોત્કનકંકણકિંકિણીનાં, કાંચ્યાશ્ચ ઝંકૃતરવેણ વિરાજમાને।
સદ્ધર્મ વારિનિધિ સંતતિ વર્ધમાને, વાગીશ્વરિ ! પ્રતિદિનં મમ રક્ષ દેવિ ।।૪।।

મંત્રઃ– ૐ હ્રીં શ્રીં પરમપૂજ્યાયૈ, ભગવત્યૈ, કેવલજ્ઞાનસ્વરૂપાયૈ, લોકાલોક પ્રકાશિકાયૈ, દ્વાદશાઙ્ગ્ય–ધિષ્ઠાયિકાયૈ મનોકામિતપૂરણાયૈ, વિદ્યા–વાણી–યશઃ કર્ત્ર્યૈ, વીણા–પુસ્તકમૌક્તિકાક્ષ–વલયશ્વેતાબ્જ–મણ્ડિતકરાયૈ શશધર–

નિકરગૌરિહંસવાહનાયૈ શ્રી (૩૭) પદ્મિન્યૈ (૩૮) લક્ષ્મ્યૈ (૩૯) પંકજવાસિન્યૈ (૪૦) ચામુણ્ડાયૈ (૪૧) ખેચર્યૈ (૪૨) શાન્તાયૈ (૪૩) હુંકારાયૈ (૪૪) ચન્દ્રશેખર્યૈ (૪૫) વારાહ્યૈ (૪૬) વિજિતાયૈ (૪૭) અન્તર્દ્ધાયૈ (૪૮) કર્ત્ર્યૈ શ્રી સરસ્વત્યૈ ધૂપં આઘ્રાપયામિ–સ્વાહા ।

(રાગઃ માં કાળી રે કલ્યાણી હો માં ગરબા)

લઘુમંત્રઃ– ૐ હ્રીં શ્રીં સરસ્વત્યૈ ધૂપં આઘ્રાપયામિ સ્વાહા ।

(આ મંત્ર દ્વારા ૧–૨૭ કે ૧૦૮ વાર ધૂપ પૂજા કરવી.)

૫. દીપકપૂજા – નમોઽર્હત્ ... (રાગઃ ભક્તામર)

કંકેલિપલ્લવ–વિર્નિદિત–પાણિ–યુગ્મે, પદ્માસને દિવસ પદ્મસમાન વસ્ત્રે ।
જૈનેન્દ્ર–વક્ત્ર ભવદિવ્ય સમસ્ત ભાષે, વાગીશ્વરિ ! પ્રતિદિનં મમ રક્ષ દેવિ ! ...

મંત્ર : ૐ હ્રીં શ્રીં પરમપૂજ્યાયૈ, ભગવત્યૈ, કેવલજ્ઞાનસ્વરૂપાયૈ, લોકાલોક પ્રકાશિકાયૈ, દ્વાદશાઙ્ગ્ય-ધિષ્ઠાયિકાયૈ મનોકામિતપૂરણાયૈ, વિદ્યા-વાણી-યશઃ કર્ત્ર્યૈ, વીણા-પુસ્તકમૌક્તિકાક્ષ-વલયશ્વેતાબ્જ-મણ્ડિતકરાયૈ શશધર-નિકરગૌરિહંસવાહનાયૈ શ્રી (૪૯) હર્ત્ર્યૈ (૫૦) સુરેશ્વર્યૈ (૫૧) ચન્દ્રાનનાયૈ (૫૨) જગત્ધાત્ર્યૈ (૫૩) વીણામ્બુજકરદ્વયાયૈ (૫૪) સુભગાયૈ (૫૫) સર્વગાયૈ (૫૬) વરદાયૈ (૫૭) જમ્ભિન્યૈ (૫૮) સ્તમ્ભિન્યૈ (૫૯) ઈશ્વરાયૈ (૬૦) કાલ્યૈ શ્રી સરસ્વત્યૈ દીપં દર્શયામિ-સ્વાહા ।

(રાગઃ રઘુપતિ રાઘવ રાજારામ)

લઘુમંત્રઃ- ૐ હ્રીં શ્રીં સરસ્વત્યૈ દીપં દર્શયામિ સ્વાહા ।

(આ મંત્ર દ્વારા ૧-૨૭ કે ૧૦૮ વાર દીપક પૂજા કરવી.)

૬. અક્ષત પૂજા – નમોઽર્હત્ ... (રાગઃ ભક્તામર)

અર્દ્ધેન્દુ મણ્ડિતજટા લલિત સ્વરુપે, શાસ્ત્ર પ્રકાશિની સમસ્ત કલાધિનાથે।
ચિન્મુદ્રિકા જપસરામય પુસ્તકાંકે, વાગીશ્વરિ ! પ્રતિદિનં મમ રક્ષ દેવિ ॥૬॥

મંત્ર : ૐ હ્રીં શ્રીં પરમપૂજ્યાયૈ, ભગવત્યૈ, કેવલજ્ઞાનસ્વરુપાયૈ, લોકાલોકપ્રકાશિકાયૈ, દ્વાદશાઙ્ગ્ય–ધિષ્ઠાયિકાયૈ મનોકામિતપૂરણાયૈ, વિદ્યા–વાણી–યશઃ કર્ત્ર્યૈ, વીણા–પુસ્તકમૌક્તિકાક્ષ–વલયશ્વેતાબ્જ–મણ્ડિતકરાયૈ શશધરનિકરગૌરિહંસવાહનાયૈ શ્રી (૬૧) કાપાલિન્યૈ (૬૨) કૌલ્યૈ (૬૩) વિજ્ઞાયૈ (૬૪) રાત્ર્યૈ (૬૫) ત્રિલોચનાયૈ (૬૬) પુસ્તકવ્યગ્રહસ્તાયૈ (૬૭) યોગિન્યૈ (૬૮) અમિતવિક્રમાયૈ (૬૯) સર્વસિદ્ધિકર્યૈ (૭૦) સન્ધ્યાયૈ (૭૧) ખડ્ગિન્યૈ (૭૨) કામરુપિણ્યૈ શ્રી સરસ્વત્યૈ અક્ષતં સમર્પયામિ–સ્વાહા ।

(રાગઃ યે તો સચ હૈ કિ ભગવાન હૈ)

ૐ હ્રીં શ્રીં સરસ્વત્યૈ અક્ષતં સમર્પયામિ સ્વાહા ।

(આ મંત્ર દ્વારા ૧–૨૭ કે ૧૦૮ વાર અક્ષત પૂજા કરવી.)

૭. નૈવેદ્ય પૂજા – નમોઽર્હત્ ... (રાગઃ ભક્તામર)

ડિંડીરપિંડ હિમશંખસિતાભ્રહારે ! પૂર્ણેન્દુ બિમ્બરુચિ શોભીત દિવ્યગાત્રે !
ચાંચલ્યમાન મૃગશાવલલાટ નેત્રે, વાગીશ્વરિ ! પ્રતિદિનં મમ રક્ષ દેવિ ।।૭।।

મંત્રઃ– ૐ હ્રીં શ્રીં પરમપૂજ્યાયૈ, ભગવત્યૈ, કેવલજ્ઞાનસ્વરુપાયૈ, લોકાલોકપ્રકાશિકાયૈ, દ્વાદશાઙ્ગ્ય–ધિષ્ઠાયિકાયૈ મનોકામિતપૂરણાયૈ, વિદ્યા–વાણી–યશઃ કર્ત્ર્યૈ, વીણા–પુસ્તક–મૌક્તિકાક્ષ–વલયશ્વેતાબ્જ–મણ્ડિતકરાયૈ શશધરનિકરગૌરિહંસવાહનાયૈ શ્રી (૭૩) સર્વ સત્ત્વહિતાયૈ (૭૪) પ્રજ્ઞાયૈ (૭૫) શિવાયૈ (૭૬) શુલકાયૈ (૭૭) મનોરમાયૈ (૭૮) માઙ્ગલ્ય–રુચિરાકારયૈ (૭૯) ધન્યાયૈ (૮૦) કાનનવાસિન્યૈ (૮૧) અજ્ઞાનનાસિન્યૈ (૮૨) જૈન્યૈ (૮૩) અજ્ઞાનનિશિભાસ્કર્યૈ (૮૪) અજ્ઞાનજનમાત્રે શ્રી સરસ્વત્યૈ નૈવેદ્યં સમર્પયામિ–સ્વાહા ।

(રાગઃ તમે ક્યા તે ગામના – ત્રણ તાલી)

ૐ હ્રીં શ્રીં સરસ્વત્યૈ નૈવેદ્યં સમર્પયામિ સ્વાહા ।

(આ મંત્ર દ્વારા ૧–૨૭ કે ૧૦૮ વાર નૈવેદ્ય પૂજા કરવી.)

૮. ફળપૂજા – નમોઽર્હત્... (રાગઃ ભક્તામર)

પૂજ્યે પવિત્રકરણોન્નત કામરુપે, નિત્યં ફણીન્દ્ર ગરુડાધિપ કિન્નરેન્દ્રૈઃ ।
વિદ્યાધરેન્દ્ર સુરયક્ષ સમસ્ત વૃન્દૈઃ, વાગીશ્વરિ ! પ્રતિદિનં મમ રક્ષ દેવિ ॥૮॥

મંત્રઃ– ૐ હ્રીઁ શ્રીઁ પરમપૂજ્યાયૈ, ભગવત્યૈ, કેવલજ્ઞાનસ્વરુપાયૈ, લોકાલોકપ્રકાશિકાયૈ, દ્વાદશાઙ્ગ્ય–ધિષ્ઠાયિકાયૈ મનોકામિતપૂરણાયૈ, વિદ્યા–વાણી–યશઃ કર્ત્ર્યૈ, વીણા–પુસ્તક–મૌક્તિકાક્ષ–વલયશ્વેતાબ્જ–મણ્ડિતકરાયૈ શશધરનિકરગૌરિહંસવાહનાયૈ શ્રી (૮૫) મહાદેવ્યૈ (૮૬) શ્રિયૈ (૮૭) સર્વેશ્વયૈ (૮૮) મહેશ્વર્યૈ (૮૯) વિશ્વેશ્વર્યૈ (૯૦) પ્રમોદેશ્વર્યૈ (૯૧) યુગેશ્વર્યૈ (૯૨) ભદ્રેશ્વર્યૈ (૯૩) પ્રમોદેશ્વર્યૈ (૯૪) જયેશ્વર્યૈ (૯૫) વિજયેશ્વર્યૈ (૯૬) કીર્ત્યૈશ્વર્યૈ સરસ્વત્યૈ ફલં સમર્પયામિ–સ્વાહા ।

માતાજીને ફલ અર્પણ કરવા. (રાગઃ તુમ્હી હો માતા–પિતા...)

ૐ હ્રીઁ શ્રીઁ સરસ્વત્યૈ ફલં સમર્પયામિ સ્વાહા ।

(આ મંત્ર દ્વારા ૧–૨૭ કે ૧૦૮ વાર ફળ પૂજા કરવી.)

૯. વસ્ત્ર પૂજા – નમોઽર્હત્... (રાગઃ આર્યાછંદ)

શારદા શારદાં ભોજ, વદના વદનાં બુજે, સર્વદા સર્વદાસ્માકં, સન્નિધિં સન્નિધિં ક્રિયાત્ ॥૯॥

મંત્રઃ– ૐ હ્રીં શ્રીં પરમપૂજ્યાયૈ, ભગવત્યૈ, કેવલજ્ઞાનસ્વરૂપાયૈ, લોકાલોકપ્રકાશિકાયૈ, દ્વાદશાઙ્ગ્ય–ધિષ્ઠાયિકાયૈ મનોકામિતપૂરણાયૈ, વિદ્યા–વાણી–યશઃ કર્ત્ર્યૈ, વીણા–પુસ્તકમૌક્તિકાક્ષ–વલયશ્વેતાબ્જ–મણ્ડિતકરાયૈ શશધરનિકરગૌરિહંસવાહનાયૈ શ્રી (૯૭) શક્તાયૈ (૯૮) અષ્ટબીજાયૈ (૯૯) નિરક્ષરાયૈ (૧૦૦) નિરામયાયૈ (૧૦૨) નિઃપ્રપઞ્ચાયૈ શ્રી સરસ્વત્યૈ વસ્ત્રં સમર્પયામિ–સ્વાહા ।

(માતાજીને ચૂંદડી ઓઢાડવી.)

૧૦. ષોડશાભરણ પૂજા – નમોઽર્હત્... (રાગઃ સ્નાતસ્યા)

કાઞ્ચિસુત્ર–વિનૂતસાર નિચિતૈઃ, કેયુર–સત્કુણ્ડલૈર્,
મઞ્જિરાઙ્ગદ–મુદ્રિકાદિ–મુકુટ–પ્રાલમ્બિકા વાસકૈઃ ।
અઞ્ચચ્ચાટિક પટ્ટિકાદિ વિલગદ્, ગ્રૈવેયકૈર્ભૂષણૈઃ,
સિન્દુરાઙ્ગદ કાન્તિ વર્ષ સુભગૈઃ, સમ્પૂજયામો વયમ્ ॥૧૦॥

મંત્ર : ૐ હ્રીં શ્રીં પરમપૂજ્યાયૈ, ભગવત્યૈ, કેવલજ્ઞાનસ્વરુપાયૈ, લોકાલોકપ્રકાશિકાયૈ, દ્વાદશાઙ્ગ્ય-વિષ્ઠાયિકાયૈ મનોકામિતપૂરણાયૈ, વિદ્યા-વાણી-યશઃ કર્ત્ર્યૈ, વીણા-પુસ્તક મૌક્તિકાક્ષ-વલયશ્વેતાબ્જ-મણ્ડિતકરાયૈ શશધરનિકરગૌરિહંસવાહનાયૈ શ્રી (૧૦૩) ચઞ્ચલાયૈ (૧૦૫) નિરુત્પન્નાયૈ (૧૦૬) સમુત્પન્નાયૈ (૧૦૭) ગગનોપમાયૈ (૧૦૮) વાગ્દેવતાયૈ શ્રી સરસ્વત્યૈ ષોડશાભરણં સમર્પયામિ-સ્વાહા ।

(સોળ શણગાર અર્પણ કરવા.)

॥ મનોવાંછિત પૂરક દોરાભિમંત્રણ ॥

(ત્યારબાદ રેશમી અથવા ઉનના સફેદ દોરાની નીચેની મંત્રથી સૌ પ્રથમ મધ્યમાં પછી ૧૩ ગાંઠ જમણી બાજુ અને ૧૩ ગાંઠ ડાબી બાજુ એમ ૨૭ ગાંઠ લગાવવી. દરેક ગાંઠ વખતે માતાજીની પ્રતિમા પર વાસક્ષેપ કરવો.)

મંત્રઃ- ૐ હ્રીં શ્રીં વદ વદ વાગ્વાદિનિ! ભગવતિ! અર્હન્મુખવાસિનિ!

સરસ્વતિ! મમ જિહ્વાગ્રે નિવાસં કુરુ કુરુ સ્વાહા ॥

(ત્યારબાદ ભગવાનની ૧૦૮ દીપકની આરતી મંગલ દીપક ઉતારી પછી સરસ્વતી માતાની પાંચ દીપકની આરતી કરવી.)

॥ સરસ્વતી માતાની આરતી ॥ (૧)

નમોઽર્હત્...(રાગઃ હે શંખેશ્વરસ્વામી)

જય વાગીશ્વરી માતા, જય જય જનની માતા,
પદ્માસની ભવતારિણી, (૨) અનુપમ રસ દાતા..... જય વાગિશ્વરી માતા.....

હંસવાહિની જલવિહારિણી, અલિપ્ત કમલ સમી (૨)
ઈન્દ્રાદિ કિન્નરને (૨) સદા તું હૃદયે ગમી..... જય વાગિશ્વરી માતા.....

તુજથી પંડિત પામ્યા, કંઠ શુદ્ધિ સહસા (૨)
યશસ્વી શીશુને કરતા (૨) સદા હસિત મુખા..... જય વાગિશ્વરી માતા.....

જ્ઞાન, ધ્યાન, દાયિની, શુદ્ધ બ્રહ્મ કૃપા (૨)
અગણિત ગુણદાયિની (૨) વિશ્વે છો અનૂપા..... જય વાગિશ્વરી માતા.....

ઊર્ધ્વગામિની માં તું, ઊર્ધ્વે લઈ લેજે (૨)
જન્મ મરણ તે ટાળી (૨) આત્મિક સુખ દેજે..... જય વાગિશ્વરી માતા.....

રત્નમયી ઐંરુપા, સદાય બ્રહ્મ પ્રિયા (૨)

કર કમલે વીણાથી (૨) શોભો જ્ઞાન પ્રિયા..... જય વાગિશ્વરી માતા.....

દોષો સહુના દહતાં, અક્ષય સુખ આપો (૨)

સાધક ઇચ્છિત અર્પી (૨) શીશુ ઉરને તર્પો..... જય વાગિશ્વરી માતા.....

॥ આરતી ॥ (૨)

નમોઽર્હત્... (રાગઃ ૐ શ્રી શાંતિનાથ સમરીયે)

જય જય આરતી દેવી તમારી, આશ પુરો હે માતા અમારી.....જય જય

વીણા પુસ્તક કર ધરનારી, અમને આપો બુદ્ધિ સારી.....જય જય

જ્ઞાન અનંત હૃદયે ધરનારી, તમને વંદે સહુ નર નારી.....જય જય

માતા સરસ્વતી આરતી તમારી, કરતાં જગમાં જય જય કારી.....જય જય

(બેમાંથી કોઇપણ એક આરતી બોલવી.)

(ત્યારબાદ જો હવન ન કરવાનો હોય તો પૂજન વિધિ અનુસાર શાંતિ કલશ, ચૈત્યવંદન, ક્ષમાપના અને વિસર્જન વિધાન કરવું.)

।। હવન વિધિ પ્રારંભ ।।

હવન માટે અગત્યની સૂચનાઓ

૧) હવનકુંડ ત્રણ મેખલાવાળો ત્રિકોણાકારે કાચી ઈંટનો, આગળના ભાગમાં ઘી ની આહૂતિ માટે જીભવાળો બનાવવો, તથા આગળના દિવસે ધોળાવીને રાખવો, ત્રણેય પીઠોને મીંઢળ યુક્ત નાડાછડી બાંધવી.

૨) હવનમાં ઉપયોગમાં લેવાના લાકડા તથા ઔષધી વગેરેને જીવજંતુથી રહિત કરવા.

૩) લાકડાના નાના-નાના ટુકડાઓ કરાવી લેવા, અને એક મોટા થાળમાં મૂકવા.

૪) આહૂતિની ક્રિયા શરૂ કરતા પહેલા આ લાકડાઓને ઘીથી ભીંજવી તૈયાર રાખવા, કર્પૂરનું ચૂર્ણ તૈયાર રાખવું.

૫) આહૂતિ માટેની ગોળીઓ માટે કેસર, અગર, તગર, બરાસનો ભૂક્કો, નાગરમોથ, છેડ-છબીલો, અખરોટનો ભૂક્કો તથા હવનપૂડો, બોપરાના બુરો મીક્ષ કરી તેમાં ઘી નાખી નાની-નાની ૧૦૮ ગોળીઓ બનાવવી.

૬) હવન માટે લાકડાનો ચમચો તૈયાર રાખવો.

૭) પૂજાદ્રવ્યો મૂકવા માટે તથા આહૂતિ આપવા માટે સ્ટીલના પાત્રનો ઉપયોગ કરવો નહીં.

૮) પ્રતિમા કે ફોટાની સન્મુખ જ હવનકુંડ હોય તો શ્રેષ્ઠ છે. શક્ય ન હોય તો નજીકના ખુલ્લા આકાશ નીચે હવનકુંડ બનાવી શકાય છે.

૯) હવનની પહેલા શક્ય હોય ત્યાં સુધી કુંભ તથા દીપક સ્થાપના કરાવવી.

૧૦) હવન સામગ્રીના દ્રવ્યો વ્યવસ્થિત યોગ્ય પાત્રમાં ગોઠવવાં.

૧૧) વિધિકારકે તથા પૂજનાર્થીઓએ હાથમાં મીંઢળ અથવા નાડાછડી બાંધવી, કેસરનું તિલક કરવું તથા પૂજન કરનારાઓને ફૂલની માળા અને મુકુટ ધારણ કરાવવા.

૧૨) આહૂતિ માટેના દ્રવ્યો અલગ-અલગ વ્યક્તિઓના હાથમાં આપી કુંડની સામે બેસાડવા.

૧૩) એક થાળીમાં રક્ષા પોટલી તથા સફેદ ધાગા વાસક્ષેપ સાથે તૈયાર રાખવા.

૧૪) આરતિ તથા શાંતિકળશની તૈયારી રાખવી.

૧૫) નાળિયેરના સુકા ગોળામાં ઉપરથી છેદ કરી ઘીથી સંપૂર્ણ ભરી વરખ લગાવી તૈયાર કરવો.

૧૬) એક થાળીમાં લાપસી-ખીર-પૂરી-ભજીયા અને બાકુલા તૈયાર રાખવાં.

૧૭) સર્વ સામગ્રી ઉપર નવકારમંત્ર તથા શ્રી સરસ્વતી માતાનું સ્મરણ કરીને વાસક્ષેપ કરવો.

૧૮) હવનકુંડના ત્રણેય ખૂણામાં (બહારની બાજુએ) અને વચ્ચે કંકુથી સ્વસ્તિક કરી તેની ઉપર પાન, સોપારી અને નાળિયેરનો ગોળો તથા સવારુ. પધરાવવો.

૧૯) હવનકુંડમાં લાકડા ગોઠવી થોડું કપૂર ગોઠવવું.

(સર્વ પ્રથમ ત્રણ નવકાર પછી વજ્રપઞ્જર સ્તોત્ર બોલવું.)

॥ અથ કુંભ સ્થાપના વિધિ ॥

(પ્રથમ સ્નાન કરી પૂજાના વસ્ત્રો પહેરવા, કેસરનું તિલક કરીને નાડાછડી અને મીંઢળ બાંધવા. હવે સજોડે અથવા સૌભાગ્યવતી બહેન પાસે નિમ્ન વિધિ કરાવવી.)

(જ્યાં કુંભને સ્થાપન કરવાનો હોય ત્યાં ભૂમિ શુદ્ધિ કરીને તેના ઉપર બહેન પાસે કંકુનો સાથિયો દોરાવવો અને તેના ઉપર સવાશેર ડાંગર અથવા ચોખાનો સાથિયો કરાવવો. કુંભને નાડાછડી તથા મીંઢળ બાંધવું. નિમ્ન મંત્ર કુંભ ઉપર કેસર દ્વારા લખવો.)

-: કુંભ પર લખવાનો મંત્ર :-

॥ ॐ ह्रीँ सर्वोपद्रवान् नाशय नाशय स्वाहा ॥

(કુંભમાં ચંદનનો સાથિયો કરાવીને તેમાં સવા રુપિયો, ચોખા, સોપારી, પંચરત્નની પોટલી આદિ

મૂકવું.) (એક-બે દિવસ અગાઉ કુંભ સ્થાપના કરવાની હોય તો તેમાં કપૂર નાખવું.)

(ત્યાર પછી શુદ્ધ પાણી લઈને તેના વડે અખંડ જલધારા પૂર્વક શુભ મુહૂર્તે એક નવકાર, એક ઉવસગ્ગહરં અને મોટી શાંતિ બોલતા કુંભ ભરવો.)

(પછી નવકાર બોલવો, પછી ચાર નાગરવેલના પાન મૂકીને ઘડામાં શ્રીફલ પધરાવી લીલા કપડાથી ઘડાને બાંધવો, ત્યારબાદ કેસરથી વિલેપન કરી, વરખ લગાવી, પુષ્પમાળા પહેરાવવી, સજોડાએ ઘડો ભરીને પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા આપતા ધવલ મંગલ ગીતો ગાવા અને ઘડાને ચોખાથી વધાવવો, પછી પ્રભુજીની જમણી બાજુ કુંભ સ્થાપનાની જગ્યા પર આવીને ડાંગરના સ્વસ્તિક ઉપર ત્રણ નવકાર ગણવાપૂર્વક નિમ્નોકત મંત્ર બોલવા દ્વારા શ્વાસ સ્થિર કરી ઘડો પધરાવવો.)

મંત્રઃ- ॐ ह्रीँ ठः ठः ठः स्वाहा ॥

(વાસક્ષેપ કરવો.)

(પછી હાથમાં કુસુમાંજલિ ગ્રહણ કરી નીચેનો શ્લોક બોલીને ત્રણવાર કુંભને વધાવવો.)

(રાગઃ સ્નાતસ્યા)

પૂર્ણં યેન સુમેરુશૃઙ્ગસદૃશં, ચૈત્યં સુદેદીપ્યતે,

યઃ કીર્તિં યજમાન–ધર્મકથન–પ્રસ્ફૂર્જિતાં ભાષતે ।

યઃ સ્પર્ધાં કુરુતે જગત્રયમહા–દીપેન દોષારિણા,

સોડયં મંગલ રુપ–મુખ્યગણનઃ કુમ્ભશ્ચિરં નન્દતાત્ ।।

(વાસક્ષેપ કરવો.)

।। અથ દીપક સ્થાપન વિધિ ।।

(કુંભની જમણી બાજુએ દીપક સ્થાપના કરવી. તેમાં નીચે કંકુ અથવા કેસરનો સાથિયો કરી ભીની માટી મૂકવી. ૐ હ્રીં સર્વોપદ્રવાન્ નાશય નાશય સ્વાહા । આ મંત્ર વડે નાડાછડી, મીંઢળ ફાનસને બાંધી, સાત નવકાર ગણી માટી પર તે ફાનસને મૂકવું પછી પરમાત્માની સમક્ષ સજોડાને બેસાડી ત્રાંબાના કોડીયામાં સાથિયો કરાવી તેમાં પંચરત્નની પોટલી, સવારુપિયા અને સોપારી મૂકવી પછી ૨૭ તારની દીવેટ મૂકવી.)

(પછી નિમ્નોક્ત શ્લોક ત્રણવાર બોલી શ્વાસ સ્થિર કરી કોડીયામાં ઘી પૂરાવવું.)

(રાગઃ આર્યાછંદ)

ૐ ઘૃતમાયુર્વૃદ્ધિકરં, ભવતિપરં જૈનદષ્ટિ સંપર્કાત્ ।

તત્સંયુક્તઃ પ્રદીપઃ પાતુ, સદા ભાવ–દુઃખેભ્યઃ સ્વાહા ।।

(પછી નીચેનો શ્લોક બોલીને અન્ય દીપક વડે મુખ્ય દીપક પ્રગટાવવો.)

ૐ અર્હમ્–પગ્યજ્ઞાનમહાજ્યોતિ–ર્મયોડયં દ્વાન્તઘાતિને ।

દ્યોતનાય પ્રતિમાયા, દીપો ભૂયાત્ સદાડર્હતઃ ।।

(પછી સજોડે પરમાત્માની ત્રણ પ્રદક્ષિણા આપી દીપકની જ્યોત કુંભ સમક્ષ રહે તે રીતે માટી પર દીપકને સ્થાપન કરવો.)

(ગુરુભગવંતે અથવા વિધિકારકે નિમ્નોક્ત મંત્રપૂર્વક દીપક પર વાસક્ષેપ કરવો.)

ૐ અગ્નયોડગ્નિકાયા એકેન્દ્રિયા જીવાઃ નિર્વધ્ય દેવી–પૂજાયાં નિર્વ્યથાઃ

સન્તુ, નિષ્પાપાઃ સન્તુ, સદ્ગતયઃ સન્તુ ન મે સંઘટ્ટન હિંસા દેવ્યર્ચને સ્વાહા ।।

(ફાનસને પુષ્પ-માળા પહેરાવીને કુસુમાંજલિ અર્પણ કરવાપૂર્વક દીપકને વંધાવવો.)

(સંપૂર્ણ હવન પર્યન્ત ધૂપ-દીપક અખંડ રીતે ચાલુ રાખવા.)

(ત્યારબાદ વાસક્ષેપ દ્વારા હવન-ભૂમિશુદ્ધિ કરવી.)

મંત્રઃ- ૐ ભૂરસિ ભૂતધાત્રિ ! સર્વ ભૂતહિતે ! હવન-ભૂમિશુદ્ધિં કુરુ કુરુ સ્વાહા ।

(પછી નિમ્નોક્ત મંત્ર બોલી વાસક્ષેપ વડે કુંડની દશે દિશામાં દશ દિક્પાલ દેવોનું આહ્વાનના ભાવ સાથે વાસક્ષેપથી પૂજન કરવું.)

॥ દિક્પાલ વાસક્ષેપ પૂજન મંત્ર ॥ નમોઽર્હત્...

૧) ૐ ઇન્દ્રાય નમઃ (પૂર્વ)

૨) ૐ અગ્નયે નમઃ (અગ્નિ)

૩) ૐ યમાય નમઃ (દક્ષિણ)

૪) ૐ નૈઋતયે નમઃ (નૈઋતિ)

૫) ૐ વરુણાય નમઃ (પશ્ચિમ)

૬) ૐ વાયવે નમઃ (વાયવ્ય)

૭) ૐ કુબેરાય નમઃ (ઉત્તર)

૮) ૐ ઇશાનાય નમઃ (ઇશાન)

૯) ૐ બ્રહ્મણે નમઃ (ઊર્ધ્વ)

૧૦) ૐ નાગાય નમઃ (નીચે)

(પછી હવન કુંડની રક્ષા માટે નિમ્નોક્ત મંત્ર દ્વારા પીળા સરસવ ને
ધૂપથી ધૂપી હવનકુંડની ચારે બાજુ જમીન ઉપર નાંખવા.) (નમોડર્હત્.)

સરસવ નિક્ષેપ મંત્ર : ૐ હ્રીઁ શ્રીઁ ક્ષાઁ સર્વોપદ્રવેભ્યઃ રક્ષ રક્ષ સ્વાહા ।।

(પછી નિમ્નોક્ત મંત્ર બોલી હવનકુંડની અગ્નિ પ્રગટાવવી. થોડું ઘી અને કપૂર ચૂર્ણ નાખવું.) (નમોડર્હત્.)

મંત્ર : ૐ ચિત્પિંગલ હનહન દહદહ પચપચ સર્વજ્ઞાપય સ્વાહા ।।

ૐ રૅં રૅં રૅં વૈશ્વાનરાય નમઃ

ૐ આઁ ક્રૌઁ હ્રીઁ શ્રીઁ એઁ ક્લીઁ સૌઁ ફટ્ ।।

શ્રી સરસ્વતી દેવિ ! મમ એષ યોગઃ સફલી ભવતુ ।।

(પછી નિમ્નોક્ત મંત્ર બોલી વાસક્ષેપથી અગ્નિ શુદ્ધિ કરવી.)

મંત્રઃ– ૐ અગ્નયોડગ્નિકાયા એકેન્દ્રિયા જીવાઃ નિર્વધ્ય દેવી પૂજાયાં નિર્વ્યથાઃ સન્તુ, નિષ્પાપાઃ સન્તુ, સદ્ગતયઃ સન્તુ ન મે સંઘટ્ટન હિંસાદેવ્યર્ચને સ્વાહા ।।

(ત્યારબાદ પાંચ સ્વસ્તિક વિધાન કરવું.) (આ વિધાન આહૂતિકુંડ પ્રગટાવ્યા પહેલા પણ કરી શકાય છે.)

॥ પાંચ સ્વસ્તિક વિધાન ॥

(એક પાટ પર ચોખાથી પાંચ સ્વસ્તિક કરી તેની ઉપર નાગરવેલનું પાન, તજ, લવિંગ, ઈલાયચી, સવારુપિયો, સોપારી અને બદામ મુકવી અને નિમ્નોક્ત એક એક મંત્ર બોલી એક એક સ્વસ્તિક પર લીલું નારિયેળ, ચમેલીનું તેલ, કોઈપણ નૈવેદ્ય અને પુષ્પ અર્પણ કરવું.)

મંત્રઃ- ૧. ॐ ह्रीँ श्री सर्व जिनशासन अधिष्ठायकदेवेभ्यः स्वाहा ।

૨. ॐ ह्रीँ श्री चतुःषष्ठि इन्द्राय, दशदिक्पालाय, नवग्रहाय, सर्वयक्षाय, द्वापञ्चाशत्-वीराय, चतुर्द्वारपालाय, चतुर्वीरपालादि-देवेभ्यः स्वाहा ।

૩. ॐ क्षाँ क्षीँ क्षूँ क्षैं क्षौं क्षः श्री अत्रस्थ क्षेत्रपालाय स्वाहा ।

૪. ॐ ह्रीँ श्रीँ श्री सर्व जिनशासन अधिष्ठायिका देवीभ्यः स्वाहा ।

૫. ॐ ह्रीँ श्रीँ श्री चतुःषष्ठि योगिन्यै, षोडश-विद्यादेव्यै, अष्टजयादि-देव्यै स्वाहा ।

(જમણી બાજુ દેવનું અને ડાબી બાજુ દેવીનું સ્થાન રાખવું.)

॥ અથ આહ્વાનાદિ વિધાનમ્ ॥

આહવાન મુદ્રા : ૐ હ્રીં શ્રીં દ્વાદશાઙ્ગ્યઅધિષ્ઠાત્રિ ! ભગવતિ સરસ્વતિ ! મહાદેવિ !
અત્ર આગચ્છ આગચ્છ સંવૌષટ્ । નમઃ શ્રી સરસ્વતી દેવ્યૈ સ્વાહા ॥

સ્થાપન મુદ્રા : ૐ હ્રીં શ્રીં દ્વાદશાઙ્ગ્યઅધિષ્ઠાત્રિ ! ભગવતિ સરસ્વતિ ! મહાદેવિ !
અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ । નમઃ શ્રી સરસ્વતી દેવ્યૈ સ્વાહા ॥

સન્નિધાન મુદ્રા : ૐ હ્રીં શ્રીં દ્વાદશાઙ્ગ્યઅધિષ્ઠાત્રિ ! ભગવતિ સરસ્વતિ ! મહાદેવિ !
મમ સન્નિહિતા ભવ ભવ વષટ્ । નમઃ શ્રી સરસ્વતી દેવ્યૈ સ્વાહા ॥

સન્નિરોધ મુદ્રા : ૐ હ્રીં શ્રીં દ્વાદશાઙ્ગ્યઅધિષ્ઠાત્રિ ! ભગવતિ સરસ્વતિ ! મહાદેવિ !
પૂજાવિધિં યાવદ્ અત્રૈવ સ્થાતવ્યમ્ । નમઃ શ્રી સરસ્વતી દેવ્યૈ સ્વાહા ॥

અવગુંઠન મુદ્રા : ૐ હ્રીં શ્રીં દ્વાદશાઙ્ગ્યઅધિષ્ઠાત્રિ ! ભગવતિ સરસ્વતિ ! મહાદેવિ !
પરેષામદીક્ષિતાનામદશ્યા ભવ ભવ ફટ્ । નમઃ શ્રી સરસ્વતી દેવ્યૈ સ્વાહા ॥

અંજલિ મુદ્રા : ૐ હ્રીં શ્રીં દ્વાદશાઙ્ગ્યઅધિષ્ઠાત્રિ ! ભગવતિ સરસ્વતિ ! મહાદેવિ !
ઈમાં પૂજાં પ્રતીચ્છ પ્રતીચ્છ । નમઃ શ્રી સરસ્વતી દેવ્યૈ સ્વાહા ॥

(તત્પશ્ચાત્ એક નવકાર, ઉવસગ્ગહરં સ્તોત્ર બોલીને નિમ્નલિખિત ગ્રહશાન્તિ સ્તોત્ર બોલવું.)

॥ ગ્રહશાન્તિ સ્તોત્ર ॥

જગદ્‌ગુરું નમસ્કૃત્ય, શ્રુત્વા સદ્‌ગુરુ-ભાષિતમ્ ।
ગ્રહશાન્તિં પ્રવક્ષ્યામિ, ભવ્યાનાં સુખહેતવે ॥૧॥
જિનેન્દ્રૈઃ ખેચરા જ્ઞેયાઃ, પૂજનીયા વિધિ-ક્રમાત્ ।
પુષ્પૈ ર્વિલેપનૈ ર્ધૂપૈ, નૈવેદ્યૈસ્તુષ્ટિ હેતવે ॥૨॥
પદ્મપ્રભસ્ય માર્તંડ-શ્ચન્દ્રશ્ચન્દ્રપ્રભસ્ય ચ ।
વાસુપૂજ્યસ્ય ભૂપુત્રો, બુધસ્યાઽષ્ટૌ જિનેશ્વરાઃ ॥૩॥
વિમલાનન્તધર્માઽરાઃ શાન્તિઃ કુન્થુર્નમિસ્તથા ।
વર્ધમાનસ્તથૈતેષાં, પાદપદ્મે બુધો ન્યસેત્ ॥૪॥
ઋષભાજિતસુપાર્શ્વા-શ્ચાભિનન્દનશીતલૌ ।
સુમતિઃ સંભવસ્વામી, શ્રેયાંસશ્ચ બૃહસ્પતિઃ ॥૫॥
સુવિધેઃ કથિતઃ શુક્રઃ, સુવ્રતસ્ય શનૈશ્ચરઃ ।
નેમિનાથસ્ય રાહુઃ સ્યાત્, કેતુઃ શ્રીમલ્લિપાર્શ્વયોઃ ॥૬॥

જન્મલગ્ને ચ રાશૌ ચ, યદા પિડન્તિ ખેચરાઃ ।
તદા સંપૂજયેદ્ધિમાન્, ખેચરૈઃ સહિતાન્ જિનાન્ ॥૭॥
પુષ્પ-ગંધાદિભિઃ ધૂપૈ, નૈવેદ્યૈઃફલસંયુતૈઃ ।
વર્ણસદશદાનૈશ્ચ, વસ્ત્રૈશ્ચ દક્ષિણાન્વિતૈઃ ॥૮॥
જિનાનામગ્રતઃ સ્થિત્વા, ગ્રહાણાં શાન્તિહેતવે ।
નમસ્કારશતં ભક્ત્યા, જપેદષ્ટોત્તરં શતમ્ ॥૯॥
ભદ્રબાહુરુવાચૈવં, પંચમઃ શ્રુતકેવલી ।
વિદ્યાપ્રવાદતઃ પૂર્વાદ્, ગ્રહશાન્તિ-વિધિઃ-શ્રુતઃ ॥૧૦॥

(ત્યારબાદ તિજયપહુત્ત સ્તોત્ર બોલવું.)

॥ શ્રી તિજયપહુત્ત સ્તોત્રમ્ ॥

તિજયપહુત્ત-પયાસય, અટ્ઠ-મહાપાડિહેર-જુત્તાણં ।
સમય-ક્ખિત્ત-ઠિઆણં, સરેમિ ચક્કં જિણિંદાણં ॥૧॥
પણવીસા ય અસીઆ, પનરસ પન્નાસ જિણ-વર સમૂહો ।

નાસેઉ સયલ દુરિઅં, ભવિઆણં ભત્તિ-જુત્તાણં ।।૨।।

વીસાપણયાલા વિ ય, તીસા પન્નત્તરી જિણ-વરિંદા ।

ગહ-ભૂઅ-રક્ખ-સાઈણિ, ઘોરુવસગ્ગં પણાસંતુ ।।૩।।

સત્તરિ પણ-તીસા વિ ય, સટ્ઠી પંચેવ જિણ-ગણો એસો ।

વાહિ-જલજલણ-હરિ-કરિ, ચોરારિ મહા-ભયં હરઉ ।।૪।।

પણ-પન્ના ય દસેવ ય, પન્નટ્ઠી તહ ય ચેવ ચાલીસા।

રક્ખંતુ મે સરીરં, દેવાસુર-પણમિઆ સિદ્ધા ।।૫।।

ૐ હ-ર-હું-હઃ સ-ર-સું-સઃ, હ-ર-હું-હઃ તહ ય ચેવ સ-ર-સું-સઃ।

આલિહિય-નામ-ગબ્ભં, ચક્કં કિર સવ્વઓ ભદ્રં ।।૬।।

ૐ રોહિણી પન્નત્તી, વજ્જસિંખલા તહ ય વજ્જઅંકુસિઆ ।

ચક્કેસરિ નરદત્તા, કાલી, મહાકાલી તહ ગોરી ।।૭।।

ગંધારી મહજ્જાલા, માણવી વઈરુટ્ટ તહ ય અચ્છુત્તા ।

માણસી મહ-માણસિઆ, વિજ્જા-દેવીઓ રક્ખંતુ ।।૮।।

પંચ-દસ-કમ્મભૂમિસુ, ઉપ્પન્નં સત્તરી જિણાણ સયં ।

વિવિહ-રયણાઇ-વન્નો, વસોહિઅં હરઉ દુરિઆઇં ॥૯॥

ચઉતીસ-અઇસય-જુઆ, અટ્ઠ-મહાપાડિહેર-કય-સોહા ।

તિત્થયરા ગયમોહા, ઝાએઅવ્વા પયત્તેણં ॥૧૦॥

ૐ વર-કણય-સંખ-વિધુમ, મરગય-ઘણ-સન્નિહં વિગય-મોહં ।

સત્તરિ સયં જિણાણં, સવ્વામર-પૂઇઅં વંદે સ્વાહા ॥૧૧॥

ૐ ભવણ-વઇ-વાણવંતર, જોઇસ-વાસી વિમાણ-વાસી અ ।

જે કે વિ દુટ્ઠ-દેવા, તે સવ્વે ઉવસમંતુ મમ સ્વાહા ॥૧૨॥

ચંદણ-કપ્પૂરેણં ફલએ, લિહિઊણ ખાલિઅં પીઅં ।

એગંતરાઇ-ગહ-ભૂઅ, સાઇણિ-મુગ્ગં પણાસેઇ ॥૧૩॥

ઇસ સત્તરિ-સયં જંતં, સમ્મં મંતં દુવારિ પડિલિહિઅં ।

દુરિઆરિ-વિજયવંતં, નિબ્ભંતં નિચ્ચમચ્ચેહ ॥૧૪॥

।। अथ आहूति विधानम्।।

(નિમ્નોક્ત મંત્રો દ્વારા ૧૦૮ આહૂતિ અર્પણ કરવી.) (હવનની ગોળી, સુકોમેવો, ઘી, ચંદનના લાકડા, તજ, લવિંગ, ઈલાયચી તથા વચ્ચે વચ્ચે કપૂર) (દરેક મંત્ર વખતે સરસ્વતી માતાની પ્રતિમા અથવા ફોટો ઉપર વાસક્ષેપ કરવો.) (દરેક આહૂતિમાં એક એક ડંકો વગાડવો.) નમોઽર્હત્...

આહૂતિ મંત્ર :- ॐ ह्रीँ श्रीँ परमपूज्यायै, भगवत्यै, केवलज्ञान स्वरूपायै लोकालोक प्रकाशिकायै, द्वादशाङ्ग्यधिष्ठायिकायै, मनोकामितपूरणायै विद्या-वाणी यशःकर्त्र्यै, वीणा-पुस्तक-मौक्तिकाक्ष-वलयश्वेताब्ज-मण्डितकरायै शशधरनिकरगौरिहंसवाहनायै श्री-अष्टाधिकशत-नामधरायै श्री सरस्वत्यै गन्धं पुष्पं आहूतिं सन्तर्पिताऽस्तु स्वाहा।

लघु आहूति मंत्र : ॐ ह्रीँ श्रीँ सरस्वत्यै गन्धं पुष्पं आहूतिं सन्तर्पिता ऽस्तु स्वाहा।

(આહૂતિ પૂર્ણ થયા પછી ઘી તથા ખાંડથી ભરેલો નાળિયેરનો ગોળો હાથમાં લઈને એક નવકાર ઉવસ્સગ્ગહરં તથા મોટી શાંતિ બોલવી. મોટી શાંતિમાં જ્યારે ॐ श्रीं पार्श्वनाथाय स्वाहा । નાળિયેરના ગોળાને હવનકુંડમાં સીધો પધરાવવો. પછી સુખડી, લાપસી આદિ નૈવેદ્યનો થાળ માતાજીને ધરાવવો.)

આવે ત્યારે ગુલાબજળ અથવા કાચા દૂધને હવનકુંડમાં પધારવવું.

પૂર્ણાહૂતિ મંત્ર :- ૐ અસ્મિન્ જંબુદ્વીપે ભરતક્ષેત્રે દક્ષિણાર્ધભરતે મધ્યખંડે.....દેશે..... પ્રાંતે..... નગરે.....સ્વામિજિન મંડપે શ્રી સંઘગૃહે શ્રેષ્ઠીવર્ય શ્રીમાન્.....પરિવાર કારિતે પ્રત્યક્ષ પ્રભાવિની જ્ઞાનદાત્રી ભગવતી શ્રી સરસ્વતી મહાપૂજન હવન આહૂતિ વિધાન નિમિત્તે હંસવાહિની મા સરસ્વતિ! અસ્માકમ્ ઉપરી કૃપાદાત્રી ભવભવ ભોગં સુખં જ્ઞાનં સંતતિં ઋદ્ધિં વૃદ્ધિં બુદ્ધિં સિદ્ધિં સમૃદ્ધિં જ્ઞાન-વૃદ્ધિં સમસ્ત કુટુંબસ્ય આરોગ્યં રાજ્યસુખં સર્વજન વશ્યં સર્વ સમીહિતં કલ્યાણં સમકિત નિર્મલતાં ચ દેહિ દેહિ સ્વાહા..... ।

(ત્યાર બાદ હવન વિધિ અનુસાર માતાજીની આરતી ક્ષમાપના-વિસર્જન આદિ વિધાન કરવું.)



।। શ્રી સરસ્વતી મહાપૂજન સામગ્રી લિસ્ટ ।।

કેસર ૧ ગ્રામ	વાસક્ષેપ ૫૦૦ ગ્રામ	ફલ
દશાંગ ધૂપ ૨૦૦ ગ્રામ	ધૂપનો પૂડો ૧ નંગ	શ્રીફલ ૧૦ નંગ
સોનેરી વરખ થોકડી ૧ નંગ	રુપેરી વરખ થોકડી ૧૦ નંગ	લીલું શ્રીફલ ૨ નંગ
સોનેરી બાદલો ૧ ગ્રામ	કાપુસ (રુઈ) ૧ બંડલ	અનાર (દાડમ) ૭ નંગ
મોલી (નાડાછડી) ૧ બંડલ	ચમેલીનું તેલ ૧ શીશી	સંતરા ૧૧ નંગ
કપૂર ગોટી ૧ ગોટી	સર્વૌષધિ ૧૦ ગ્રામ	મોસંબી ૭ નંગ
ગુલાબ જલ ૧ શીશી	અત્તરની શીશી ૩ નંગ	ચીકુ ૭ નંગ
સફેદ રક્ષાપોટલી પૂજનાર્થી પ્રમાણે	રેશમી સફેદ ધાગા-પૂજનાર્થી પ્રમાણે	સેવ (સફરજન) ૭ નંગ
તીર્થ જળ ૧ શીશી	કાચી સુપારી ૪૦૦ ગ્રામ	દ્રાક્ષ ૨૪૦ ગ્રામ
લવિંગ ૧૦ ગ્રામ	તજ ૧૦ ગ્રામ	ડાંડીવાલા પાન ૧૦ નંગ
એલચી ૧૦ ગ્રામ	બદામ ૨૦૦ ગ્રામ	(નાગરવેલના પાન)
ખારેક ૩૦ નંગ	માટીનું કુંડું ૧ નંગ	
સાકર ૨૫૦ ગ્રામ	સુકો મેવો ૨૫૦ ગ્રામ	

મીઠાઇ

મીક્ષ મીઠાઈ ૧ ।। કિ.ગ્રા.

પેંડા ૧ ।। કિ.ગ્રા.

મગ ૧ કિલો

કાળા અડદ ૧ કિલો

ચણાની દાલ ૧ કિલો

મસુરની દાલ ૧ કિલો

ઘરે બનાવવાનું નૈવેદ્ય

લાપસી ૧૨૫ ગ્રામ

ભજીયા ૧૧ નંગ

પૂરી ૭ નંગ

ભોજનની થાળી ૧ નંગ

ધાન્ય

ચોખા ૬ કીલો

ગેહું (ઘઉં) ૧ કિલો

ગોરસ

ગાયનું ઘી ૧ કિ.ગ્રા.
(હવન સહિત)

ગાયનું દૂધ ૧ લીટર

ગાયનું દહીં ૧ વાટકી (નાની)

કપડા

લીલું સાટીન ૦.૨૫ મીટર

નેપકીન ૩ નંગ

અંગલૂંછણા ૫ નંગ

કટાસના ૫ નંગ

લાલ કપડા ૪ મીટર

પાટલૂંછણા ૩ નંગ

સફેદ ચૂંદડી ૧ નંગ

દેરાસર સંબંધી સામાન

શાંતિનાથજીની ચોવિશી ૧ નંગ	બાજોઠ ૧ નંગ	પીત્તળની બાલ્ટી ૨ નંગ
પાર્શ્વનાથની પ્રતિમા ૧ નંગ	ધૂપ ધાણા ૨ નંગ	કુંડી ૨ નંગ
સિદ્ધચકજી નો ગટ્ટો ૧ નંગ	દીપક ૨ નંગ	નાના પાટલા ૩ નંગ
નાળચાવાળો પરાત ૧ નંગ	મોટી થાળી ૨૦ નંગ	મોટા પાટલા ૧ નંગ
૧૦૮ દીપકની આરતી ૧ નંગ	નાની થાળી ૧૪ નંગ	મુગટ ૧૫ નંગ
૫ દીપકની આરતી ૧ નંગ	પૂજાની કટોરી ૧૦ નંગ	ચામર ૧ નંગ
મંગલ દીપક ૧ નંગ	કલશ ૧૦ નંગ	દર્પણ, પંખા ૧-૧ નંગ
અષ્ટમંગલ નો ઘડો ૨ નંગ	મોટો કટોરો ૧ નંગ	સરસ્વતી માતાની પ્રતિમા ૧
થાળી ડંકો ૧ નંગ		સરસ્વતી યંત્ર ૧ નંગ

હવન સામગ્રી

ચંદના લાકડા ૧૧૧ નંગ	નાળિયેરના ગોળા ૬ નંગ
પીપળાના લાકડા ૫ કિ. ગ્રા.	હવનકુંડ ૧ નંગ
હવનપુડા ૫ નંગ	સરસવ ૧૦ ગ્રામ

કંકુ ૧૦ ગ્રામ	લાકડાના ચીપીયા ૧ નંગ
અન્ય લાકડા ૩ કિ. ગ્રા.	હળદળ ૧૦ ગ્રામ
અબિલ ૧૦ ગ્રામ	લાકડાના ચમચા ૨ નંગ
ગુલાલ ૧૦ ગ્રામ	ઘી ૭૦૦ ગ્રામ
ખોપરાનો બુરો ૧૦૦ ગ્રામ	

સોળ શૃંગાર

ચૂંદડી ૧ નંગ	કંકુ ૧ નંગ
વાળી ૧ જોડ	છત્ર ૧ નંગ
સેર ૧ જોડ	બંગડી ૧૨ નંગ
સિંદુર ૧ ડબ્બિ	કુંડલ ૧ જોડ
અરિસો ૧ નંગ	ચાંદલા ૧ પેકેટ
ગજરો ૧ નંગ	મેંહદી ૧ પેકેટ
મુગટ ૧ નંગ	કાંસકો ૧ નંગ
પુષ્પમાલા ૧ નંગ	વીંટી ૧ નંગ